# ગાંધીનગરમાં પ્રધાનમંત્રીની ૮મીએ જાહેરસભાની સંભાવાના

**હાલ ચુંટણી પ્રચારને વેગ આપવા માટે પ્રધાનમંત્રી ગુજરાતની મુલાકાતે છે : આગામી દિવસોમાં જિલ્લાની પાંચેય બેઠકોને અનુલક્ષી જાહેરસભાનુ આયોજન**

ગાંધીનગર તા ૩

વિધાનસભાની ચુંટણીને અનુલક્ષી શહેર ગામડાઓમાં ચુંટણી પ્રચારનો ધમધમાટ જોવા મળી રહયો છે. ભાજપ પણ મતદારોને આકર્ષવા માટે ડોર ટુ ડોર પ્રચાર શરૂ કર્યો છે. જંગી બહુમત મેળવવા માટે આગામી દિવસોમાં સ્ટાર પ્રચારકો પણ મેદાને ઉતારવા માટે ગતિવિધિઓ ચાલી રહી છે. ત્યારે આગામી ૮ ડીસેમ્બરે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પણ ગાંધીનગર જિલ્લાની પાંચ બેઠકાને અનુલક્ષી જાહેરસભાને સંબોધન કરે તેવી સંભાવના છે.

ગુજરાત વિધાનસભાની ચુંટણીને અનુલક્ષી શહેર અને ગામડાઓ રાજકીય પ્રચારથી ધમધમી રહયા છે. ચુંટણી પ્રચારને અનુલક્ષી સભા અને મહાસભાઓનુ આયોજન થઇ રહયુ છે. આગામી ચુંટણીમાં ભાજપે પણ હુ છુ વિકાસ ..હુ ..છુ ..ગુજરાત ના વિકાસમંત્ર સાથે ૧૫૦ થી વધુ બેઠકો પર જીત હાંસલ કરવાનો નિર્ણય કર્યો છે. ત્યારે ભાજપના પેજ પ્રમુખો સહીત કાર્યકરો પ્રચારમાં લાગી ગયા છે. અગાઉ ભાજપ દ્વારા ગૌરવ યાત્રા અને મહાસંપર્ક અભિયાન પણ હાથ ધરાયુ હતુ. ભાજપના પ્રચારને ગતિશીલ બનાવવા માટે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પણ અત્યાર સુધી બીજીવાર ચુંટણી પ્રચાર માટે ગુજરાતની મુલાકાતે આવ્યા છે. અગાઉ સોમનાથ,પ્રાચી સહીતના સ્થળોએ સભા કર્યા બાદ હાલ પણ પી એમ બે દિવસના ગુજરાત પ્રવાસે છે. આજે પણ પ્રધાનમંત્રીએ ભરૂચ , સુરેન્દ્રનગર, અમદાવાદ અને રાજકોટની મુલાકાત લીધી હતી. જયારે તા ૪ ડિસેમ્બરના રોજ પણ મોદી ભાવનગર અને જુનાગઢ અને જામનગર સહીતના વિસ્તારમાં સભાને સંબોધન કરશે. ગાંધીનગર જિલ્લામાં પણ પાંચેય બેઠકોને અનુલક્ષી ભાજપે ચુંટણી પ્રચાર જોરશોરથી શરૂ કરી દીધો છે. શહેરના સેકટરો અને જિલ્લામાં મતદારોનો સીધો સંપર્ક કરવામાં આવી રહયો છે. ત્યારે આગામી દિવસોમાં સ્ટાર પ્રચારકો પણ પ્રચાર માટે મેદાને ઉતારવામાં આવશે. બીજીતરફ આગામી તા ૮ ડિસેમ્બરના રોજ પ્રધાનમંત્રી ગુજરાત પ્રવાસ દરમિયાન ગાંધીનગર વિસ્તારમાં પણ ચુંટણી પ્રચાર માટે જાહેરસભાને સંબોધન કરે તેવી સંભાવના છે. ગાંધીનગર જિલ્લાની પાંચ બેઠકો પણ મહત્વની હોવાથી નરેન્દ્ર મોદી જિલ્લાની પાંચેય બેઠકોને અનુલક્ષી પ્રચાર કરશે. જો કે જાહેર સભાનુ સ્થળ અને સમય હજુ સુધી નક્કી ન થયો હોવાનુ પણ મનાઇ રહયુ છે.

# ચૂંટણી પંચ દ્વારા ગુજરાતમાં ચૂંટણી તૈયારીઓની આખરી ઓપ

**શાહીબાગ એનેક્ષી ખાતે જરૂરી માહિતી અપાઈ : ૧૮થી ૧૯ વર્ષની વયના કુલ ૧૨.૩૭ લાખ નવા મતદારો પ્રથમ વખત મત આપશે : મૃતક મતદારો યાદીમાંથી દૂર**

અમદાવાદ, તા.૩

ગુજરાત વિધાનસભાની ચૂંટણી આડે ગણતરીના દિવસો રહ્યા છે ત્યારે ચૂંટણી પંચે રાજકીય પક્ષો સાથે બેઠક યોજ્યા બાદ આજે શાહીબાગ એનેક્ષી ખાતે પત્રકાર પરિષદ યોજી હતી અને ચૂંટણીના સંદર્ભમાં મહત્વપૂર્ણ માહિતી આપી હતી. ચૂંટણી પંચેમાહિતી આપતા કહ્યું હતું કે, પુરુષ મતદારોની સંખ્યા ૨.૨૬ કરોડ છે જ્યારે મહિલા મતદારોની સંખ્યા ૨.૦૮ કરોડ છે.

ચૂંટણી પંચે માહિતી આપતા કહ્યું હતું કે, ૧૭.૪૬ લાખ નવા મતદારો ઉમેરાઈ ગયા છે. ૧૮થી ૧૯ વર્ષની વયમાં પ્રથમ વખત મતદાન કરનારની સંખ્યા ૧૨.૩૭ લાખ જેટલી છે. ચૂંટણી પંચના આદેશના ઇશારે ૯મી ઓક્ટોબરના દિવસે ખાસ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. નવા વોટરોને ઉમેરવામાં આવ્યા હતા. તેમની નોંધણી થઇ ચુકી છે. ચૂંટણી સુધારાની કામગીરી દરમિયાન મતદાર યાદીમાંથી મૃતક મતદારોને દૂર કરવામાં આવ્યા છે. ચૂંટણી પંચ તરફથી આજે માહિતી આપવામાં આવી હતી. ૨૮૬૭૮ મતદાન મથકોમાં ૫૦૨૬૪ પોલિંગ સ્ટેશનો ઉભા કરવામાં આવ્યા છે. તમામ જગ્યા ઉપર પીવાના પાણીની વ્યવસ્થા, ટોયલેટની સુવિધા, વિજળીની સુવિધા ઉભી કરવામાં આવી છે. ચૂંટણી પંચના આદેશના ઇશારે વીવીપેટના ઉપયોગને લઈને જનજાગૃત્તિ ઝુંબેશ ચલાવવામાં આવી હતી. ગુજરાત ચૂંટણીમાં ૭૯ ખર્ચ નિરીક્ષકો ગોઠવવામાં આવ્યા છે. ઉપ૩ ઈન્કમટેક્સના અધિકારીઓ ઉમેદવારો અને રાજકીય પક્ષો દ્વારા ખર્ચની પ્રક્રિયા ઉપર નજર રાખશે. તમામ ૧૮૨ વિધાનસભા બેઠકમાં ૫૯૯ ફ્લાઇંગ ટીમો અને ૬૪૩ સર્વેલન્સ ટીમો રહેશે. હજુ સુધી જુદી જુદી જગ્યાઓએ ઉંડી તપાસ કરવામાં આવી ચુકી છે જેના ભાગરુપે ૨૧.૯૧ કરોડનો શરાબનો જથ્થો જપ્ત કરાયો છે. કુલ મળીને ૩૫.૫૨ કરોડનો મુદ્દામાલ જબ્ત કરાયો છે.

# પ્રામાણિકતા અને આદર્શોના લીધે પક્ષે ટીકીટ આપી છે : શંભુજી ઠાકોર

**સોશિયલ મીડીયા પર વોટસ એપ ફેસબુકથી નહીં ફેસ ટુ ફેસ પ્રચાર કરૂ છુ : સેંધાજીના જોડાવાથી ટીંટોડા ગામ એક થયુ : કોંગ્રેસના ઉમેદવાર નવા નિશાળિયા પરંતુ પ્રતિસ્પર્ધીને નબળા ન સમજાય : શંભુજી**

ગાંધીનગર તા ૩

**તમને ભાજપે બીજીવાર રીપીટ કર્યા શુ કારણ ?**

મેં ટીકીટ માટે પાર્ટી સમક્ષ રજુઆત કરી હતી. મારી અપેક્ષા જે હોય તે પરંતુ પક્ષનો નિર્ણય જ આખરી હોવાથી જે પણ આદેશ થાય તે મુજબ કામ કરૂ છુ. મારે ફરી ચુંટણી લડવાની છે. તેવા કહેણને મેં હર્ષભેર સ્વીકારી કામ શરૂ કરી દીધુ છે.

**તમે ભોળાનાથના ભક્ત છો અને ભોળાના ભગવાન હોય તેમ તમારૂ નસીબ પણ બળવાન છે એવી વાત થાય છે શુ કહેશો ?**

હા ભોળાનાથની ભકિત કરુ છું. ધાર્મિક હોવાથી શિવજીની પુજા અર્ચના કરી ધન્યતા અનુભવુ છુ. પક્ષે મને પ્રામાણિકતા અને આદર્શોના લીધે ટીકીટ આપી છે.

**સીધો સંવાદ**
**- ધનંજય જોષી**

**તમને ફરી બહુમત મળશે તો કેમ ?**

કોઇપણ પ્રકારનો દંભ કે અભિમાન રાખ્યા વગર ઉપાધ્યક્ષ તરીકે પણ બાકડે બેઠા બેઠા ચા પી ને આમ નાગરિકોની વાતો અને રજુઆતો સાંભળી છે. સામાન્ય માણસની જેમ મતવિસ્તારમાં ફરુ છુ. વિકાસ કામોને ધ્યાને લઇ મને ચોકક્સ બહુમત મળશે.

**છેલ્લા પાંચ વર્ષમાં તમારા ગાંધીનગર દક્ષિણના કાર્યક્ષેત્રમાં શુ કામ કર્યા ?**

ગ્રામજનોને ધ્યાને લઇ નોન પ્લાન રસ્તા ખેડુતોની માંગણીને અનુલક્ષીને પરા વિભાગને જોડતા રસ્તા બનાવ્યા. ભાજપના શાસનમાં સરકારે રસ્તાને અનુલક્ષી ૧૦ હજાર કરોડનુ બજેટ આપ્યુ હતુ. જે અન્વયે રોડ વાઇડનીંગ અન્વયે માર્ગાને ૭ મીટરમાંથી ૧૦ મીટર સુધી પહોળા કરવામાં આવ્યા છે. ઉવારસદ અડાલજ અને કોબા અડાલજ સહીતના માર્ગના અપગ્રેડેશન માટે કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. જયારે કેન્દ્રની ભાજપ સરકારે નેશનલ હાઇવે નં-૮ ચિલોડા મોટાથી નાના ચિલોડા રીંગ રોડને સિકસલેન બનાવાનુ ૩૦૦ કરોડનુ કામ મંજુર કર્યુ છે.

**સી જે ચાવડા અને જુગાજીને પણ અગાઉ તમે હરાવ્યા છે. જયારે આ વખતે તમારી સામે ઠાકોર સમાજના જ ઉમેદવાર છે શુ અસર પડશે ?**

છેલ્લા ૧૦ વર્ષથી મારા વિસ્તારમાં સમાજને સાથે રાખીને કામ કર્યુ છે. કોંગ્રેસના ઉમેદવાર કાર્યક્ષમ નથી. મારી સાથે સૌનો સાથ રહેશે.

● અનુસંધાન પાન-૫ પર

# આરોગ્ય સેવાને એકબીજાની સાથે જોડી દેવાશે

**અમદાવાદમાં એસજીવીપીમાં મોદીનું સંબોધન : દેશભરના દરેક જિલ્લામાં આયુર્વેદથી સારવાર આપવાની પહેલ : ગુજરાતમાં ૧૫૦ જેનેરિક કેન્દ્રો પર સસ્તી દવાઓ**

અમદાવાદ,તા.૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઝંઝાવતી ચૂંટણ પ્રચારમાં સમય કાઢીને સાંજે અમદાવાદમાં સ્વામિનારાયણ ગુરુકુળ વિશ્વવિદ્યાલય પ્રતિષ્ઠાનમ (એસજીવીપી)ના કાર્યક્રમમાં ભાગ લેવા માટે પહોંચ્યા હતા. મોદીએ સંકુલમાં નવનિર્મિત હોસ્પિટલનું ઉદ્ઘાટન કર્યું હતું. મોદીએ આ પ્રસંગે પણ ઉપસ્થિત લોકોને સંબોધન કર્યું હતું અને પોતાની સરકાર દ્વારા કરવામાં આવેલી વિકાસ કામગીરીનો ઉલ્લેખ કર્યો હતો. સાથે સાથે સ્વામિનારાયમ પરંપરા, વ્યવસ્થા, શિસ્તની વાત કરી હતી. મોદીએ પોતાના સંબોધનમાં કહ્યું હતું કે, આયુષ હેઠળ બધી પદ્ધતિઓને એક સાથે પુરક બનાવવામાં આવી રહી છે. મોદીએ આરોગ્ય સેવાને એક બીજા સાથે જોડી દેવાન જરૂરિયાત ઉપર ભાર મુક્યો હતો. દેશના દરેક જિલ્લામાં આયુર્વેદથ સારવાર મળે તે દિશામાં પણ સરકાર કામ કરી રહી હોવાની વાત મોદીએ કરી હતી. હર્બલ મેડિસીન વિશ્વમાં કઈરીતે પહોંચે તે દિશામાં કામ થઈ રહ્યા છે. વિશ્વ યોગ દિવસની શરૂઆત કઈરીતે થઈ તે અંગે પણ તેમણે વાત કરી હતી.

# આવતીકાલથી રાહુલ ગાંધી ગુજરાતમાં ચૂંટણી પ્રવાસે આવે છે

અમદાવાદ, તા.૩

સૌરાષ્ટ્રનો પ્રચાર કાર્યક્રમ પૂર્ણ કરી દિલ્હી પરત ફરેલા કોંગ્રેસના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી પ્રથમ તબક્કાના આખરી સમયમાં તા.૫થી ૭ ડિસેમ્બર દરમ્યાન ગુજરાતની મુલાકાતે આવી રહ્યા છે. રાહુલ ગાંધી આ ત્રણ દિવસમાં કચ્છ, સૌરાષ્ટ્ર અને મધ્ય ગુજરાત સહિતના વિસ્તારોમાં તેમ જ પ્રથમ તબક્કાની બાકી રહેલી વિધાનસભા બેઠકોના ક્ષેત્રોમાં પ્રચાર કરશે. કોંગ્રેસના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી તા.૫મી ડિસેમ્બરે બપોરે ૧૨-૩૦ વાગ્યે ગાંધીધામ એરપોર્ટ પર ઉતરાણ કરશે, જયાં પ્રદેશ કોંગ્રેસના નેતાઓ દ્વારા તેમનું સ્વાગત કરવામાં આવશે ત્યારબાદ સીધા તેઓ અંજાર ટાઉન હોલ ગ્રાઉન્ડ ખાતે પહોંચશે અને ત્યાં વિશાળ જાહેરસભા સંબોધન કરશે. બપોરે ૨-૨૦ મિનિટે ગાંધીધામથી તેઓ હેલિકોપ્ટર મારફતે મોરબી જવા રવાના થશે અને ત્રણ વાગ્યે મોરબીમાં પાર્ક પાર્ટી પ્લોટ ખાતે જનસભા સંબોધશે. ચાર વાગ્યે તેઓ મોરબીથી સીધા ધ્રાંગધ્રા પહોંચશે. સાંજે ૪-૪૫ વાગ્યે ધ્રાંગધ્રા જનતા કોલન ફેકટરી ગ્રાઉન્ડમાં જાહેરસભા સંબોધી કોંગ્રેસ તરફી લોકજુવાળ ઉભો કરશે. સાંજે ૫-૪૫ વાગ્યે ધ્રાંગધ્રાથી લક્ઝરી બસ મારફતે વઢવાણ

● અનુસંધાન પાન-૫ પર

# ગુજરાતમાં વિકાસનો ફિયાસ્કો : રાજ બબ્બર

**ગાંધીનગર ઉત્તર વિધાનસભા બેઠકના ઉમેદવાર ડો. સી.જે. ચાવડાના મધ્યસ્થ કાર્યાલયના ઉદ્ઘાટનમાં રાજ બબ્બરના ભાજપ પર પ્રહાર : હજારોની સંખ્યામાં સમર્થકો ઉમટ્યા**

ગાંધીનગર, તા. ૩

ગુજરાતમાં ચૂંટણીને પગલે ભાજપ અને કોંગ્રેસના સ્ટાર પ્રચારકોની અવરજવર વધી ગઈ છે. ત્યારે આજે ગાંધીનગર ઘ-૫ પેટ્રોલ પંપ નજીક ઉત્તર વિધાનસભા બેઠકના ઉમેદવાર ડૉ. સી.જે. ચાવડાના મધ્યસ્થ કાર્યાલયના ઉદ્ઘાટન પ્રસંગે અભિનેતા રાજ બબ્બર ઉપસ્થિત રહ્યા હતા. ગુજરાતમાં વિકાસનો ફિયાસ્કો થયો છે તેમ કહી નોટબંધી અને જીએસટી સહીતના સરકારના નિર્ણયોને તઘલખી ગણાવીને ભાજપ સરકારને આડે હાથ લીધી હતી.

ગાંધીનગર ઉત્તર વિધાનસભા બેઠકના ઉમેદવાર ડૉ. સી.જે. ચાવડાના મધ્યસ્થ કાર્યાલયનું આજે સાંજે સે. ૧૬ પેટ્રોલ પંપ પાસે ઉદ્ઘાટન હતુ. આ ઉદ્ઘાટન કાર્યક્રમમાં જાણીતા અભિનેતા રાજ બબ્બર પણ ઉપસ્થિત રહ્યા હતા. રાજ બબ્બરે ડૉ. સી.જે. ચાવડાને વર્ષોથી ઓળખતા હોવાનો દાવો કરીને જણાવ્યુ હતુ કે તેઓ શરૂઆતથી લોકસેવા સાથે સંકળાયેલા છે. કર્મચારીઓના લાડીલા નેતા હોવાનો ઉલ્લેખ કર્યા બાદ રાજ બબ્બરે ભાજપ સરકારની જુઠ્ઠાણાઓ પર ચર્ચા કરી હતી. ગુજરાતમાં વિકાસનો ફિયાસ્કો થઈ ગયો છે. ભાજપ સરકાર બિલકુલ ભ્રષ્ટ સરકાર છે. જીએસટી અને નોટબંધી જેવા નિર્ણયોને આડે હાથ લઈ રાજ બબ્બરે સરકાર પર આકરા ચાબખા માર્યા હતા. નોંધનીય છે કે અલગ અલગ વિસ્તારોમાંથી ડૉ. સી.જે. ચાવડાના કાર્યાલયના ઉદ્ઘાટન પ્રસંગમાં હાજર રહેલા રેલી સ્વરૂપે હજારોની સંખ્યામાં તેમના સમર્થકો આવ્યા હતા. ડૉ. સી.જે. ચાવડાનું શક્તિ પ્રદર્શન તેમના કાર્યાલયના ઉદ્ઘાટન પ્રસંગે જોવા મળ્યુ હતુ.

સ્વ. શ્રીમતી શૈલાબેન ઉર્ફે (સૂર્યાબેન) પટેલની
સાતમી માસિક પુણ્યતિથિએ
શ્રદ્ધાંજલિ

પ્રેમ ભરી પુષ્પાંજલિ
ભાવભીની ભાવાંજલિ
અશ્રુભીની અલ્પાંજલિ
સ્નેહભરી શ્રદ્ધાંજલિ
પ્રભુ આપના દિવ્ય આત્માને
પરમ શાંતિ અર્પે એ જ પ્રાર્થના
પુણ્ય આત્માને શત્ શત્ પ્રણામ
રમેશભાઈ ભલાભાઈ પટેલ
ભાવનાબેન રમેશભાઈ પટેલ
આકાશ રમેશભાઈ પટેલ
ઉમંગ રમેશભાઈ પટેલ
હાલ - ગાંધીનગર (કુહાવાળા)

ટચુકડી જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી.
એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ,
હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર,
વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિકસ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
BENELAVE
DR.FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS
Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર,
કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન)
ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા,
સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર
તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com